# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

**સત્સંગ : અંતરવૈરાગ્ય** ■ **સાધુત્વ સાર** ■ **સત્સંગનું ફળ : અંતરચારિત્ર**

**''જેમનો ત્યાગ અને વૈરાગ્ય જોઈને બાળજીવો પરિણામ (બોધ) પામે તેનું નામ જૈન સાધુ''**

જીવે અનંત ભવ ભ્રમણનાં પુરૂષાર્થ થકી કષાયોની મંદતા કરી અને સહજ સ્વભાવે બળવાન પૂણ્યનું ઉપાર્જન કર્યું તેના ફળ સ્વરૂપે આ ભવમાં જૈન કુળ મળ્યું અને સર્વસંગ પરિત્યાગ (સાધુ) થવાની વૃત્તિ જાગી અને શ્રી પરમાત્માએ આપેલી દેશના શ્રધ્ધામાં ધરીને જગત એકાંતે દુ:ખદાયક છે, જગત સ્વાર્થથી ભરેલું છે.

જગત માં એક સદ્‌ગુરૂ સિવાય ક્યાંય નિભર્યતા નથી અને મોક્ષ પામવા માટે સંપૂર્ણ અહિંસકપણું લાવ્યા વગર છુટકો નથી આવી સમજણ કેળવીને બાળજીવ બળવાન ગુણનાં ધારક, સ્વકલ્યાણનાં પરમ ઉપાસક અને રોમે રોમમાંથી કરૂણા અને વૈરાગ્ય નિતરતો હોય તેવા ગુરૂનું આશ્રિતપણું (શિષ્યત્વપણું) ધારણ કરીને જે બાળજીવ મોક્ષમાર્ગમાં ઉગ્ર આરાધના કરવા માટે સાધુપણું ધારણ કરે છે. તેવા જીવોને કોટી કોટી વંદના. **''અને''**

સાધુપણું ધારણ કરીને નામ અને દેહનું મમત્વપણું ટાળીને અંતરમુખીપણું પામીને વૈરાગ્યને લક્ષ બનાવીને ત્યાગનો આધાર લઈને આરંભને ત્યાગીને પરિગ્રહનું અલ્પપણું ગ્રહણ કરીને પાંચ મહાવ્રતમાં ટકવા અને રહેવા માટે જે સર્વ સમય માટેની સામાયિક (સમતાભાવમાં રહેવા અને કષાયોને કાપવા)નો પૂર્ણ ઉપયોગ સદૈવ રહે છે. શ્રાવક–શ્રાવિકાઓ, સાધુ–સાધ્વીઓને ઉપકારી માનીને (દેશ–કાળનો કે ધર્મ ખાતર પણ બીજા જીવો સાથે કષાયોપૂર્વક વર્તે નહી) શ્રાવક–શ્રાવિકાઓ સાધનાનાં માર્ગમાં સહાયતા કરે છે તેમ માનીને તેમનું ઉપકારીપણું સ્વીકારીને જે જીવો ધર્મ જાણવા અને પામવા સામેથી આવે તેવા બાળજીવોને મોક્ષમાર્ગમાં મૂકવાનું કરૂણા દ્રષ્ટિથી સહજ સ્વભાવે (અહંકાર, અભિમાન અને માન વૃતિ વગર) કાર્ય કરે છે. **''સાધુનું પેટ જગત અર્થે હોય છે.''** તેવા શ્રી સાધુ ભગવંતોને અહોભાવથી કોટી કોટી વંદના. **''મોટામાં મોટું પૂણ્ય બાળજીવોને મોક્ષમાર્ગમાં મૂકવા. મોટામાં મોટું પાપ બાળજીવોને મોક્ષમાર્ગથી વિમુખ કરવા.''** (ધર્મને નામે, પૂણ્યને નામે કે નામનાં મમત્વને કારણે) **''અને''**

પોતાના નિમિત્તે સંપ્રદાયમાં કોઈપણ પ્રકારનો વિવાદ ન સર્જાય તેનો પૂર્ણ પ્રયોગ હોય અને પૂર્વનાં ચાલતા શ્રાવકોનાં મતમતાંતર અને વિવાદોનો શાસ્ત્રો હાથમાં રાખીને નહી પણ શાસ્ત્રો માથે રાખીને (શ્રી પરમાત્માને માથે રાખીને) નિર્મળબુધ્ધિએ (પૂર્વગ્રહ રહીત) ધાર્મિક ભાવનાએ (રાગ–દ્વેષ રહીત). હું સાચો છું તેવો એકાંતવાદ લાવ્યાં વગર અનેકાંતવાદ ધારણ કરીને શ્રાવક–શ્રાવિકાઓનાં આત્મકલ્યાણ માટેનો ભાવ ધારણ કરીને દેશ અને કાળ ને અનુસાર સમાધાનનો માર્ગ અભિપ્રાય સ્વરૂપે આપીને સર્વ જીવોને સમ માનીને સર્વ પદાર્થોને પર ગણીને પ્રાણી માત્રને નિર્ભયતા આપીને સર્વ જીવોની ક્ષમા લઈને અને ક્ષમા આપીને અંતરમુખીપણામાં વર્તે છે અને સાધનામાં લીન રહે છે. **''સંત પુરૂષોનું યોગબળ જગતનું કલ્યાણ ઈચ્છે છે અને કલ્યાણ કરે છે.''** તેવા શ્રી આચાર્ય ભગવંતોને અત્યંત આદર સહિત, પરમ ઉપકારી સ્વરૂપે અને અત્યંત અહોભાવથી સર્વ સમયની ત્રિકાળ વંદના, ત્રિકાળ વંદના, ત્રિકાળ વંદના.

## જૈનો જાગો

**લેખાંક : 30**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫–૧–૨૦૦૦ થી પુન: મુદ્રણ**

જે બોધ જીવને આરાધવો અત્યંત મુશ્કેલ લાગે છે, તે સિધ્ધાંત બોધ (આત્મધર્મ) સરળતાથી જીવનમાં કેવી રીતે ધારણ કરવો અને ભાવી ભવોમાં મોક્ષનું કારણ કેવી રીતે બને તેની સાદી સમજણની વિચારણા કરીએ. જ્યાં-જ્યાંથી આત્મધર્મનું જ્ઞાન (વાણી સ્વરૂપે અથવા લખાણ સ્વરૂપે) મળે તે મેળવવું તેમાં ત્યાગી કે સંસારીપણાનો ભેદનો આગ્રહ રાખવો નહીં. સમકિતીનું સમકિત વાણી અને લખાણ સ્વરૂપે પ્રગટ થાય છે. (સમકિત વેશમાં નથી, દ્રષ્ટિમાં રહેલ છે.) અને જો આત્મધર્મનું જ્ઞાન શ્રી સાધુ ભગવંતો પાસેથી જાણવાનું હોય અને મનુષ્યપણું વેડફવું ન હોય તો અત્યંત નમ્રતાપૂર્વક, આદર સહિત અને નિર્ભયતા કેળવીને બહુમાનપૂર્વક સાચો ધર્મ (આત્મધર્મ) જાણવો અને તેને આરાધવો (પૂણ્ય પ્રકૃતિમાં ન પડવું, આત્મધર્મ કરતા કરતા બળવાન પૂણ્યનું ઉપાર્જન (લક્ષ વગર) સહજતાથી થાય છે). અને સિધ્ધાંત બોધનાં (આત્મધર્મનાં) આરાધકની સેવા ભક્તિ (વૈયાવચ્ચ) તન-મન અને ધનથી કરવી અને જીવનની સેવા ભક્તિ સર્વ શ્રેષ્ઠ રીતે તેમાં સ્થાપવી એ ભાવી ભવોમાં આત્મધર્મ પામવાનું કારણ બને. ''આત્મધર્મનાં આરાધકની ભક્તિ એ મોક્ષમાર્ગમાં ચાલવાનું સરળ સાધન અને ભાવી ભવોમાં સમકિત પ્રાપ્તિનું કારણ બને, માટે સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાઓની (આત્મધર્મીઓની) અત્યંત ઉલ્લાસિત ભાવે સેવા-ભક્તિ અને અનુમોદના કરવી, આ સિધ્ધાંત બોધ ધારણ કરવાની સરળ રીત છે. હવે આગળના લેખાંકનાં અનુસંધાનમાં વિશેષ સિધ્ધાંત બોધનાં ગુણો અને લક્ષણોની વિચારણા કરીએ.

**હે ચારિત્રવાન,**
**તારા ચારિત્રને પ્રગટાવવાં,**
**વૈરાગી બનીને, અંતરમુખીપણું પામવા, જેની પાસે ગયો,**
**''તેણે જ''**
**વૈરાગ લુંટીને બહીર્મુખીપણું આપીને ત્યાગી બનાવી દીધો અને ત્યાગમાં અટકાવી દીધો.**

જે બોધની સમજણથી જીવને માસની તિથી (૫ કે ૧૦) અહિંસકભાવે કેમ પાળવી તે જ્ઞાન જેનાથી મળે તેને સિધ્ધાંત બોધ કહેવાય.

તિથીનાં શ્રેષ્ઠ દિવસે અહિંસકભાવમાં અને અહિંસક સ્વભાવમાં રહીએ તેનું નામ તિથી પાળી કહેવાય.

પૂર્વનાં જ્ઞાની મહાપુરૂષોએ કાળનો (સમયનો) બળવાન યોગ જાણીને તે દિવસોમાં ખાસ હિંસાથી બચવા માટે અજ્ઞાનતાથી સંસાર માંડ્યો હોય તો શ્રાવક-શ્રાવિકાઓએ તે તિથીનાં દિવસોમાં બને તેટલો સંસારભાવ અને સાંસારીક કાર્યોથી દૂર રહીને બને ત્યાં સુધી સાધુ-સાધ્વી જેવું જીવન જીવવું અને અજાણતાં પણ સૂક્ષ્મ હિંસા ન થાય, તેનો ખાસ ઉપયોગ રાખવો તેનું નામ તિથી. (મહિનાની ૫ કે ૧૦ તિથી ત્યાગી જેવું જીવન જીવવું) તેનાથી સંસાર તૂટી નથી જવાનો કે સંસારીક કાર્યો બગડવાના પણ નથી. આત્મબળ અને આત્મધર્મ વધવાનું કારણ બને, (તે દિવસોમાં થોડાક પણ હિંસકભાવ, બળવાન હિંસકભાવ બનવાનું કારણ બને) અને (આખો દિવસનો અહિંસકભાવ, હિંસક પ્રકૃતિ તૂટવાનું કારણ બને.) ''તિથીને દિવસે લિલોતરી ત્યાગવી તે સારાપણું છે પણ તેથી તિથી પાળી ન ગણાય.''

તે દિવસોમાં ખાસ પરનિંદા, ઈર્ષા-વિશ્વાસઘાત, પરપિડનવૃત્તિ, ક્રોધ, અણહક્કનું અને ઉછીનું ન લેવું, વિગેરે દોષો ટાળવા અને સ્વદોષનું અવલોકન કરવું.

આ બધા દોષો પંચેન્દ્રિયના આત્મઘાત બને, જે દેહઘાત બરાબર ગણાય.

**હિંસા ત્યાગવાથી હિંસકભાવ ન છૂટે,**
**''પણ''**
**અહિંસકભાવ ધારણ કરવાથી હિંસકભાવ છુટી જાય.**
**''હિંસકપણું ત્યાગો અને નિર્ભયપણું પામો, અહિંસક બનો અને ભવમુક્તિ પામો.''**

આગળનાં લેખાંકોમાં યોગે કરીને સિધ્ધાંત બોધનાં આધારે, ઉપવાસ, તપની આરાધના, આયંબિલની આરાધના, શ્રી પરમાત્માની પંચકલ્યાણક પૂજા અને અનુષ્ઠાન, ઉપધાન તપ અને વર્ષીતપ, યાત્રા પ્રવાસ અને આપણાં રહેણાંકની નજીકનાં દહેરાસર (મંદિર)નાં શ્રી મૂળ નાયક ભગવાનનો ઉપકારી ભાવ કેવી રીતે સમજણથી લેવો, તેનો યોગે કરીને વિશેષ વિચારણા ભાવી લેખાંકમાં વિચારશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.